# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૦૮/૦૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## શહેરના હિતમાં ચેમ્બર દ્વારા સરસાણા ખાતે આવેલ કન્વેન્શન સેન્ટરને સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનને કોવીડ કેર સેન્ટર ઊભુ કરવા માટે સોંપવામાં આવ્યું

સુરત. સુરતમાં વધતી જતી કોવીડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સાર ઈન્ફ્રાકોન દ્વારા સરસાણા સ્થિત કન્વેન્શન સેન્ટર SMC ના કોવીડ કેર સેન્ટર તાત્કાલિક ધોરણે ઊભુ કરવા સોંપવામાં આવ્યું છે.

આ અંગે ચેમ્બરના પ્રમુખ શ્રી દિનેશ નાવડીયા તથા સાર ઈન્ફ્રાકોનના ચેરમેન શ્રી ભરતભાઈ ગાંધીએ આ નિર્ણય સંદર્ભે જણાવ્યું હતું કે, ચેમ્બર પાસે આટલી વિશાળ જગ્યા હોય આવા જરૂરિયાતના સમયે શહેરના નાગરિકોને વધારાની વ્યવસ્થા મળી રહે તથા સરકારી તંત્રને પણ આવી વિપરીત પરિસ્થિતિમાં સમયસર પહોંચી વળવા માટે એક અગત્યની સુવિધા મળી રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ચેમ્બરની વિનંતીને ધ્યાનમાં રાખીને ભૂતપૂર્વ મ્યુનિસીપલ કમિશનર શ્રી થેન્નારસન અને વર્તમાન મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજે આ સેન્ટરની મુલાકાત લઈ આજે રાત્રિથી જ કોવીડ કેર સેન્ટરની સુવિધાઓ ઊભી કરવાના હુકમો કર્યા હતા.